# સત્સંગ સમાચાર


## સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાના ૮૨મા પ્રાગટ્યદિનની ઉજવણી

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** દાસત્વનું મૂર્તિમંત સ્વરૂપ, સદા સેવારત સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાનું ૮૨મું પ્રાગટ્યપર્વ ૧૪થી ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૦ દરમિયાન ડિજિટલ માધ્યમથી ભક્તિભાવે ઉજવાયું, જેમાં દેશ-પરદેશના હજારો સંતો-ભક્તો જોડાયા. દરરોજ રાત્રે માહાત્મ્યદર્શન સભામાં સંતો-ભક્તો દ્વારા સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાના જીવનનાં અનુપમ માહાત્મ્યને વ્યક્ત કરાયું.

૧૪ સપ્ટેમ્બરના રોજ સાધુ પૂ. નરેન્દ્રદાસજી, હરિભાઈ (માણાવદર), ઊર્જાબહેન (મોગરી) દ્વારા સુંદર માહાત્મ્યગાન થયાં અને સદ્‌ગુરુ સંત પૂ. પૂનમદાદાએ પૂ. રતિકાકાના જીવનના અદ્‌ભુત પ્રસંગો વર્ણવી, મહિમા ગાઈ, આશીર્વાદ વરસાવ્યા. ૧૫ સપ્ટેમ્બરના રોજ સાધુ પૂ. સુનીલદાસજી (નડિયાદ), લઠિયાસાહેબ (વલ્લભવિદ્યાનગર), ચંદ્રકાંતભાઈ (વેમાર), સાધુ ઘનશ્યામદાસજીએ મહિમાગાન કર્યાં અને સદ્‌ગુરુ સંત પૂ. અરુણદાદા (ધારી)એ જૂનાં સંસ્મરણો વાગોળી, પૂ. રતિકાકાની અકલ્પ્ય નિષ્ઠા અને ગુરુભક્તિનાં દર્શન કરાવી આશીર્વાદ વરસાવ્યા. ૧૬ સપ્ટેમ્બરના રોજ બારીન્દ્રભાઈ (યુ.કે.), જગદીશભાઈ પ્રજાપતિ (અમદાવાદ), અમૃતાબહેન (આણંદ) અને સાધુ પૂ. રાજુદાસજી દ્વારા મહિમાગાન થયાં. સૌએ સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકા સાથેના સ્વાનુભવોના પ્રસંગો વર્ણવી, તેઓની નિઃસ્વાર્થ સેવા, નિરપેક્ષ પ્રેમ, સ્નેહાળ વ્યવહાર અને ભક્તિભર્યા જીવનનું અદ્‌ભુત દર્શન કરાવ્યું. ૧૮ સપ્ટેમ્બરના રોજ ડૉ. વિષ્ણુદાદા (યુ.એસ.એ.), સાધુ પૂ. નરેન્દ્રદાસજી (યુ.એસ.એ.)એ સુંદર માહાત્મ્ય દર્શન કરાવ્યું. ત્યારબાદ સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ પૂ. રતિકાકાના દાસત્વસભર જીવનના પ્રસંગો જણાવી મનનીય ઉપદેશ અને આશીર્વાદ આપ્યા. સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાએ પણ આશીર્વાદ આપી સૌને કૃતાર્થ કર્યાં. સંતભગવંત સાહેબજીએ પૂ. રતિકાકાના મહિમાસભર જીવનનું દર્શન કરાવી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા અને તેઓ પર અત્યંત રાજી થઈ પ્રસન્નતા-આશિષ વરસાવી, જેનાં દર્શન યુટ્યૂબના માધ્યમથી માણી સૌ ભાવવિભોર થયાં. સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાના અપ્રતિમ જીવનનાં દર્શન પામી સૌએ ધન્યતા અનુભવી.◆

*** ગુરુસભામાં :** ૧૭ સપ્ટેમ્બરના રોજ યુવાનોની અઠવાડિક સત્સંગ સભા-ગુરુસભાના યુવાનો દ્વારા સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાના ૮૨મા પ્રાગટ્યપર્વની ભક્તિસંપન્ન ઉજવણી કરવામાં આવી. અનુપમ મિશનની યુટ્યૂબ ચેનલ પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું. સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને સાધુ પૂ. મનોજદાસજીએ અષ્ટાંગયોગ સ્વરૂપે આપણા પ્રત્યેક સાધક-ભક્તે જીવન આચરણમાં મૂકવાનાં આઠ ચરણ : ૧) સત્પુરુષ સાથે જીવની પ્રીતિ, ૨) સત્પુરુષનો દૃઢ આશરો, ૩) સત્પુરુષમાં અચળ નિર્દોષભાવ, ૪) સત્પુરુષના સંબંધવાળામાં સુહૃદભાવ, ૫) સત્પુરુષના વચને માહાત્મ્યયુક્ત સેવા, ૬) સ્વાશ્રયી જીવન, ૭) સંયમી જીવન અને ૮) સંગઠન ભાવની સમજ આપી હતી. તેનો આધાર લઈ પૂ. રતિકાકાના જીવનમાહાત્મ્યને વર્ણવવામાં આવ્યું.

પ્રથમ બે ચરણ કીર્તન-ભક્તિ દ્વારા દર્શાવાયાં, જે યોગી યુવા સૂરવૃન્દ દ્વારા પ્રસ્તુત થયાં. નિર્દોષબુદ્ધિ અને સુહૃદભાવનાં બે ચરણને અનુરૂપ પૂ. રતિકાકાના જીવનમાં બનેલા પ્રસંગો યુવાનો દ્વારા પ્રિ-







ગુરુસભાના યુવાનો દ્વારા સદ્‌ગુરુ સંત પૂજ્ય રતિકાકાના ૮૨મા પ્રાગટ્યપર્વે વહેલી પ્રસન્નતાપૂર્ણ આશિષવર્ષા


રેકૉર્ડેડ ડ્રામા-સંવાદ દ્વારા રજૂ કરાયા. માહાત્મ્યયુક્ત સેવા અને સ્વાશ્રયી જીવનનાં બે ચરણ-પૂ. રતિકાકાએ સત્પુરુષના વચને સ્વાશ્રયી બની અનેકવિધ જે સેવાઓ માહાત્મ્યેયુક્ત સંભાળી છે તેને નૃત્યનાટિકા દ્વારા વર્ણવાયાં. સંયમી જીવન અને સંગઠનભાવ અંગે સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પાઠવ્યા અને પૂ. રતિકાકાના દિવ્ય જીવનપ્રસંગો વર્ણવી આ બંને ચરણને સમજાવ્યાં.


વૈવિધ્યસભર સમગ્ર કાર્યક્રમને માણી સૌ ખૂબ રાજી થયા. સદ્‌ગુરુ સંત પૂ. રતિકાકાએ આશીર્વાદ વરસાવી ગુરુસભાના યુવાનોની ભક્તિ અને સમજને બિરદાવી. સંપ, સુહૃદભાવ, એકતા જાળવી એકાંતિકપણાના ભાવને પામવા ઝંખતા સૌ માટે આ ઉજવણી પ્રેરણારૂપ બની રહી. ◆

*** યોગી વિદ્યાપીઠ :** યોગી વિદ્યાપીઠ પરિવારના સૌ સારસ્વત ભક્તોએ કુલગુરુ પૂ. રતિકાકાનો ૮૨મો પ્રાગટ્યદિન ૧૮ સપ્ટેમ્બરના રોજ પારમિતા સભાખંડમાં નિત્ય થતી દિવ્ય મહાપૂજામાં ડિજિટલ માધ્યમથી જોડાઈને ભક્તિભાવે ઊજવ્યો. આ પ્રસંગે યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓ-મોગરી સ્થિત 'અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ', 'ઇન્ફર્મેશન ટેક્નોલૉજી સૅન્ટર', 'સહજાનંદ કલાસાધના તીર્થ', 'મિત્ર પુનર્વસન કેન્દ્ર', 'આનંદ બાલવાડી', 'જ્ઞાનયજ્ઞ વિદ્યાલય', 'ભક્તિમંદિર' તેમજ નડિયાદ સ્થિત 'શારદા મંદિર', શિણાય-કચ્છ સ્થિત 'શ્રી નીલકંઠ વર્ણી બાલવાડી' અને 'શ્રી નીલકંઠ વર્ણી વિદ્યાલય', ધારી સ્થિત 'યોગીજી મહારાજ મહાવિદ્યાલય', 'શ્રીમતી વી.પી.જી. ગર્લ્સ સ્કૂલ' અને 'શ્રી ભીમાણી પ્રાથમિક શાળા'ના સૌ સારસ્વત ભક્તોએ પોતપાતાની વિદ્યાશાખામાં ઉપસ્થિત રહીને ડિજિટલ માધ્યમથી જોડાઈને લાભ લીધો.

આ દિવ્ય પ્રસંગે સાધુ પૂ. અશોકદાસજીએ મહાપૂજા વિધિ કરાવી ત્યારે પ્રત્યેક વિદ્યાશાખાના ભક્તોએ પોતપોતાના સ્થાને પધરાવેલા શ્રી ઠાકોરજીને પૂજન, આરતી, થાળ અર્પણ કરી ભક્તિ અદા કરી. મહાપૂજામાં યોગી વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓમાં સેવારત સૌ ભક્તોનાં નામ બોલી, સૌની સુખાકારી માટે શ્રી ઠાકોરજી સમક્ષ સંતોએ પ્રાર્થના કરી. સાધુ પૂ. સુનીલદાસજી અને સાધુ પૂ. સંદીપદાસજીનાં નેતૃત્વ અને માર્ગદર્શન મુજબ થયેલ આ ભક્તિભરી ઉજવણીમાં ડિજિટલ માધ્યમથી શ્રી ઠાકોરજીનાં અને પૂ. રતિકાકાનાં પૂજન થયાં, શુભેચ્છા-પ્રાર્થના કાર્ડ, કલગી, સ્મૃતિભેટ સ્વરૂપે હૃદયભાવ અર્પણ કરાયાં. પૂ. રતિકાકાના પ્રાગટ્યદિનની ઉજવણીના આ પ્રસંગે અનુપમ સત્સંગસમાજના દેશ-વિદેશના અનેક ભક્તો પણ ડિજિટલ માધ્યમથી જોડાયા ને ધન્યતા માણી.

સદ્‌ગુરુ સંતો પૂ. શાંતિદાદા, પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકાએ રાજી થકા સૌ પર આશીર્વાદ વરસાવ્યા અને શૈક્ષણિક પ્રવૃતિ સાથે જોડાયેલા સૌ ભક્તોને રૂડાં માર્ગદર્શન આપ્યાં. સંતભગવંત સાહેબજીએ પૂ. રતિકાકાના અનુપમ માહાત્મ્યનું સૌને દર્શન કરાવી આશીર્વાદ વરસાવ્યા. સૌ સારસ્વત ભક્તોની ભક્તિને બિરદાવી. બધાં અલગ-અલગ દૂર સ્થાનો પર હોવા છતાં આયોજનબદ્ધ અને ભક્તિભાવે કુલગુરુ પૂ. રતિકાકાના પ્રાગટ્યપર્વની સુંદર ઉજવણી કરી તે બદલ અભિનંદન પાઠવ્યાં. સૌએ દિવ્ય મહાપૂજાનો અને પૂ. રતિકાકાના ભક્તિસંપન્ન મધુર જીવનનો અધ્યાત્મપ્રસાદ ગ્રહણ કરી દિવ્યતાનો આસ્વાદ માણ્યો. ◆




યોગી વિદ્યાપીઠના સારસ્વતોને પૂ. રતિકાકાના પ્રાગટ્યદિનની મહાપૂજામાં આશીર્વાદ

## 'શ્રી હરિલીલામૃત' પારાયણ

સંતભગવંત સાહેબજીની પ્રેરણા અને આશિષથી અનુપમ મિશનના સૌ સંતો-ભક્તો માટે અધિક માસમાં 'શ્રી હરિલીલામૃત' ગ્રંથનાં પારાયણનું દિવ્ય આયોજન ૨૮ સપ્ટેમ્બરથી ૨ ઑક્ટોબર ૨૦૨૦ દરમિયાન કરવામાં આવ્યું. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી તેઓના નિજસેવક સાધુ પૂ. બિમલદાસજી દ્વારા આ પારાયણ અત્યંત ભક્તિભાવે કરવામાં આવ્યું. યુટ્યૂબના માધ્યમથી જીવંત પ્રસારિત કરાયેલ આ પારાયણને દેશ-પરદેશના હજારો ભક્તોએ માણી અનુપમ આનંદ તેમજ સંતોષ અનુભવ્યો.













પૂ. રતિકાકાના પ્રાગટ્યદિનની સભામાં સંતો અને સદ્‌ગુરુ સંતો દ્વારા માહાત્મ્યદર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણના બાલ્યાવસ્થાના, કિશોરાવસ્થાના પ્રસંગો, ધર્મધુરા ગ્રહણ, શ્રી સ્વામિનારાયણ મહામંત્રનો ઉદ્‌ઘોષ, પરમહંસો, નંદપંક્તિના સંતોનાં જીવન આખ્યાન, નિષ્ઠાવાન ભક્તોનાં ભક્તિભર્યાં જીવનદર્શન, 'શિક્ષાપત્રી', ભગવાન શ્રી સ્વામિનારાયણ નિર્મિત છ શિખરબદ્ધ મંદિરો, સામાજિક ઉત્થાનનાં કાર્યો આદિનાં મહિમાસભર સચોટ શૈલીથી કરાયેલ માર્મિક વર્ણન અત્યંત પ્રેરણાદાયી હતાં. વૈવિધ્યસભર અનેક પ્રસંગો સાંભળી સૌની જ્ઞાનસંપદામાં અભિવૃદ્ધિ થઈ. પારાયણ દરમિયાન સદ્‌ગુરુ સંત પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ અને અંતે સંતભગવંત સાહેબજીએ પણ રાજીપો વરસાવી આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## યોગી વિદ્યાપીઠનાં ગૌરવ

અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત વિદ્યાશાખા અક્ષરપુરુષોત્તમ ટૅક્નિકલ ઈન્સ્ટિટ્યૂટના 'કમ્પ્યુટર ઍડેડ સિવિલ ઍન્ડ આર્કિટેક્ચરલ ડ્રાફ્ટિંગ' પ્રમાણપત્ર અભ્યાસક્રમનું ટૅક્નિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાયેલ અંતિમ વર્ષની પરીક્ષાનું ૧૦૦% પરિણામ જાહેર થયું છે, જેમાં સંસ્થાના તમામ વિદ્યાર્થીઓએ ફર્સ્ટક્લાસ સાથે ઉત્તીર્ણ થઈ સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. સંસ્થામાં તથા સમગ્ર બોર્ડમાં પંચાલ દીપકુમાર ૮૪.૬૩ % સાથે પ્રથમ, ઝાલાવાડિયા ગૌરવ ૮૩.૩૮ % સાથે દ્વિતીય, દવે હર્ષ ૮૨.૮૮ % સાથે તૃતીય અને પરમાર સૃષ્ટિબહેન ૮૨.૫૦ % સાથે ચતુર્થ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શ્રી ઠાકોરજીની કૃપા તથા સંતોના આશીર્વાદ અને વિદ્યાર્થીઓ-શિક્ષકોની અથાક મહેનતને પરિણામે આ શક્ય બન્યું. ખાસ તો દર વર્ષે એપ્રિલ માસમાં લેવાતી બૉર્ડની પરીક્ષા આ વર્ષે કોરોના મહામારીને કારણે છેક સપ્ટેમ્બર મહિનામાં લેવામાં આવી. લોકડાઉન સાથે પાંચ મહિનાના લાંબા સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓને પરીક્ષા માટે વિશેષ તૈયારી કરાવવા શિક્ષકોએ વખતોવખત ઑનલાઇન જરૂરી માર્ગદર્શન પૂરું પાડી ઘણી મહેનત કરાવી તો આટલા લાંબા સમય બાદ લેવાયેલ પરીક્ષામાં સૌ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ઉત્કૃષ્ટ પરિણામ પ્રાપ્ત કર્યું. સૌને ખૂબ અભિનંદન ! ◆

## અક્ષરધામગમન

*** પૂજ્ય પ્રેમબહેન, હરિધામ-સોખડા :** ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીના આશરે સંન્યસ્ત માર્ગ અપનાવી સર્વસ્વ સમર્પણ કરનાર આદર્શ સાધુમૂર્તિ પૂ. પ્રેમબહેન ૭ ઑક્ટોબરના રોજ અક્ષરધામ સિધાવ્યાં. ત્યાગાશ્રમનું તેઓનું નામ પૂ. સુહૃદ ! જેનું હૃદય પ્રેમાળ અને મહિમાસંપન્ન છે, જેમાં પ્રભુ સદા વસે છે તેવાં પૂ. સુહૃદ ! ભક્તિ આશ્રમ, સોખડાનાં ૨૦૦થી વધુ સંત બહેનોને સાધુતાભર્યું અનુપમ નેતૃત્વ પૂરું પાડી તેઓએ સંતત્વ દિપાવ્યું. પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજીની ચકચૂર પ્રસન્નતા પ્રાપ્ત કરી જીવતર ધન્ય કર્યું. ભૂલકું બની, અક્ષરરૂપ થઈ, પ્રગટ પ્રભુની સેવામાં લીન રહ્યાં, લીન થયાં. ગુણાતીત સમાજનાં સૌ સ્વરૂપો, સંતો અને ભક્તોની સેવાનાં ઉમંગી, વરિષ્ઠ સંતરત્ન સૌનાં 'સુહૃદ' પૂ. પ્રેમબહેનને સંતભગવંત સાહેબજી, સંતો અને અનુપમ મિશન પરિવારના સૌ અક્ષરમુક્તોનાં વંદન! ◆



॥ સ્વામિશ્રીજી ॥

## બ્રહ્મજ્યોતિમાં પ્રકાશપર્વો !

**શ્રી ઠાકોરજીમહારાજ અને સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં**

**આ દીપોત્સવીએ આતમ આંગણું દિવ્ય પ્રકાશે અજવાળીએ !**

**નૂતનવર્ષને દિવ્ય સંકલ્પ-પ્રાર્થનાથી આવકારીએ !**

**બ્રહ્મજ્યોતિથી યોજાનાર**

**આ ઉત્સવોના ડિજિટલ સ્વરૂપે બ્રહ્મસ્પર્શ માણી ધન્ય થઈએ !**



**૧૪ નવેમ્બર ૨૦૨૦, શનિવાર**

**આસો વદ અમાસ, દિવાળી**

**સાંજે ૦૮.૦૦ વાગ્યે શ્રી લક્ષ્મીપૂજન તથા શ્રી શારદા પૂજન**



**૧૫ નવેમ્બર ૨૦૨૦, રવિવાર**

**કારતક સુદ પડવો, નૂતનવર્ષ ૨૦૭૭**

**સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ અન્નકૂટોત્સવ, થાળ અર્પણ**

**૧૬ નવેમ્બર ૨૦૨૦, સોમવાર**

**કારતક સુદ બીજ – ભાઈબીજ**

**સવારે ૯.૦૦થી ૧૦.૦૦ મહાપૂજા**

**સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ નૂતનવર્ષ/ભાઈબીજના આશીર્વાદ**

**નોંધ :**

- અનુપમ મિશનનાં તમામ કેન્દ્રોમાં દીપોત્સવી પર્વો ડિજિટલ માધ્યમથી જ ઉજવાશે. સ્થાનિક ભક્તો સહિત સૌએ પોતાના ઘરેથી જોડાવું, મંદિરે જવાનો આગ્રહ ના રાખવો.
- શ્રી લક્ષ્મીપૂજન અને શ્રી શારદાપૂજન વિધિમાં વિદેશના ભક્તો પણ ઑનલાઇન જોડાશે.
- વિદેશના ભક્તોને નૂતનવર્ષના સંતભગવંત સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતોના આશીર્વાદ પ્રિ-રૅકોર્ડેડ ઑડિયો-વિડિયો સ્વરૂપે પ્રાપ્ત થશે.
- વિદેશનાં મંદિરોમાં અન્નકૂટોત્સવ સંતો-ભક્તો સ્થાનિક અનુકૂળતા મુજબ કરશે.